### સમગ્ર રાજ્યમાં પ્રથમ પ્રયોગ

# અમદાવાદ મ્યુનિ.સ્કૂલનાં બાળકોને હવે IITના તજજ્ઞો ભણાવશે

અમદાવાદ,રવિવાર

અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન સંચાલિત શાળાઓમાં આઈઆઈટી ગાંધીનગરના તજજ્ઞો દ્વારા મ્યુનિ. શિક્ષકો અને વિદ્યાર્થીઓને ગણિત-વિજ્ઞાનનાં પાઠ ભણાવવામાં આવશે. માર્ચ ૨૦૧૮ સુધીમાં મ્યુનિ.ની ૧૫૦ શાળાઓમાં તજજ્ઞ ફેકલ્ટી મંગળવાર અને ગુરૂવારે શાળા મુલાકાત લઈ બાળકોને રૂબરૂમાં માર્ગદર્શન આપશે. સમગ્ર રાજ્યમાં આ પહેલો વહેલો પ્રયોગ છે.

## ૫૦ હજારથી વધુ વિદ્યાર્થીઓને ગણિત-વિજ્ઞાનનાં પાઠ ભણાવાશે

મ્યુનિ.સ્કુલ બોર્ડના ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓને આઈઆઈટીના તજજ્ઞો દ્વારા શિક્ષણ અને માર્ગદર્શન આપવાનું આવતા અઠવાડીયાથી શરૂ થનાર છે. કુલ ૩,૭૫૦ વિદ્યાર્થીઓને આઈઆઈટી ગાંધીનગર ખાતે દર બુધવારે લઈ જઈને તેઓને સવારે ૯ થી ૧૧ કલાક દરમિયાન કેમ્પસ એક્સપોઝર તથા તાલીમ આપવાનો પણ કાર્યક્રમ ઘડી કઢાયો છે.

આ અંગે મ્યુનિ.સ્કુલ બોર્ડના ચેરમેન અને શિક્ષણાધિકારીના જણાવ્યા મુજબ મ્યુનિ.કમિશનરની ભલામણથી સામાજીક જવાબદારીના ભાગરૂપે આઈઆઈટીના તજજ્ઞો મ્યુનિ.શાળાના બાળકોને ભણાવવા માટે તૈયાર થયા છે. આગામી ત્રણ વર્ષમાં ૫૦હજાર વિદ્યાર્થીઓને તેનો લાભ અપાશે.

આઈઆઈટીના પ્રો.મનીષ જૈનની આગેવાની હેઠળ તજજ્ઞોની ટીમ મ્યુનિ.૧૫૦ શાળાઓના વિદ્યાર્થીઓ-શિક્ષકોને મોડેલ્સ, પેપર ટોયઝ, ટીચીંગ લર્નિંગ મટીરીયલ્સ બનાવતા શિખવવું, રસપ્રદ રમતો રમાડીને આનંદ સાથે ગણિત-વિજ્ઞાનના પાઠ શીખવશે. આમા મ્યુનિ.કુલ ૩૪૩ શિક્ષકોને પણ તાલિમ અપાશે.

**Title:** IIT-Gn Experts will teach children of Ahmedabad Municipal Corporation School.
**Source:** Gujarat Samachar (pg. no. 2)
**Date:** 18.09.2017